
કંઈક

કવિતા

જેવું



પી. કે. દાવડા

VISIT…

LANZAROTE
Caliente.com

નિવેદન

ઉત્તમ રીતે સરસ શબ્દોમાં વ્યક્ત થતો શ્રેષ્ઠ વિચાર, એનુ નામ કવિતા. શબ્દ અને અર્થનું મિલન એ જ કવિતા. લેખ માટે પણ શબ્દ અને અર્થ બંને જોઈએ, પણ કવિતામાં ધ્વનિ હોય. ધ્વનિ એ કવિતાનો આત્મા છે. જેમાં રસ હોય, એ કાવ્ય બની જાય છે. શબ્દ દ્વારા અર્થની અભિવ્યક્તિ, અને અભિવ્યક્તિ જેટલી મિતાક્ષરી એટલી ઉત્તમ કવિતા.

ઉપરની વ્યાખ્યા પ્રમાણેની એકપણ કવિતા કદાચ મારી આ કવિતાઓમાં નહિં મળે. મારા લેખની જેમ જ મારી કવિતાઓમાં કોઈક માહીતિ મળશે. મેં આ પુસ્તિકાને “કંઈક કવિતા જેવું” નામ એટલે જ આપ્યું છે. કવિતાના ધારાધોરણમાં એ ખરી ન ઉતરે, પણ મેં કવિતાના જામા પહેરાવીને રજૂ કરેલા મારા વિચારો તરીકે સ્વીકાર્ય બને તો પણ મને આનંદ થશે.

-પી. કે. દાવડા

સ્વ.ચંદ્રલેખા દાવડા



સરસ્વતી

નથી ચુંટ્યા ફૂલો વન વન જઈને જીવનમા,
નથી   ક્રીડા કીધી ફરફર થતી તુજ લટ થકી ,
નથી બેઠા ક્યારે ઝરણ સમીપે હાથ પકડી,
નથી ગાયા ગીતો મધુર સ્વરમા પ્રણયના,
નથી ક્યારે બેઠા મધુર ઝરતી ચાંદની મહીં,
નથી નાચ્યો મોરો થનગન કરીને મન મહીં,
છતાં આજે આવે પળપળ મને યાદ તુજની?
સદા વહેતી રહેજે સરસ્વતી બની આજીવનમાં

-પી.કે.દાવડા

અનુક્રમણિકા

(૧) ઘર બેઠે ગિરધારી

સાયબરની સફરે નીકળ્યો, કરી માઉસ પર સવારી,
ઇંટરનેટને આંગણે મારે ગોતવા હતા ગિરધારી.
યાહુ-ગુગલે સર્ચ આદરી, લખ્યું જ્યાં ગિરધારી,
આવી પહોંચી જાહેરાતો, 'વિથ બ્રાંડ નેમ' ગિરધારી.
ફરી ફરીને સર્ચ કરી તો પ્રગટી ફોજ કુક્કીની સારી,
આવિ ગોપિ હોય નહીં, ને આવા નહીં ગિરધારી.
અંતે 'સાઈટ' મળી, ત્યાં આવિ 'રજીસ્ટર' ની બારી,
'લોગઈન'માટે ગોકુલ રાખ્યું 'પાસવર્ડ' કર્યું મોરારી.
દર્શન કરવા દખણા માંગી ક્રેડિટકાર્ડથી સારી,
ક્લિક કર્યું ત્યાં મળવા આવ્યા રાધા ને ગિરધારી.
ધન્ય થયો હું દર્શન કરીને, ઘર બેઠે મળ્યા મોરારી
'ડાઉનલોડ' મેં કરી લીધું, ફ્રી દર્શન જીંદગી સારી.

(૨) અવતાર લો

ઓ દેવ મારા દેશની આ દુર્દશા શીદ થાય છે?
રક્ષક અહીં ભક્ષક બની, ચોરી કરી મલકાય છે!

ગરીબને દશકો મળે, અહીં રૂપિયો ખરચાય છે,
અહીં જાનવરો ભૂખે મરે ને નેતા ચારો ખાય છે.

મહેનત મજૂરી જે કરે એ ભૂખ્યો અહીં રહી જાય છે,
અહીં ખેલના મેદાનમાંથી કોઈ કરોડ કમાય છે.

અહીં કરજના બોજમાં કઈ ખેડુતો મરી જાય છે,
પરદા ઉપર ખેડૂત બની અહીં કોઈ લાખ કમાય છે.

શાળા વગરના ગામમાં શિશુઓ અભણ રહી જાય છે,
અહીં મંત્રીઓના બાળકો પરદેશ ભણવા જાય છે

અહીં નીઠારીના નરભક્ષીઓ બાળકોને ખાય છે,
હરદીન અહીં બાળકોના કોમળ શરીર ચૂંથાય છે.

બસ હવે આ બહુ થયું, હવે પ્રભુ અવતાર લો,
દુર્જનો નો નાશ કરીને રામરાજ પ્રસારી દો.

(૩) નથી જન્મ લેવો

(ઢાળઃપુરી એક અંધેરીને ગંડુ રાજા)

કહે કૃષ્ણ મારે નથી જન્મ લેવો,

નથી આજ ગીતા તણો પાઠ કહેવો.

હવે ચોરવા માખણ ક્યાં વધ્યું છે

ઈજારો બધો અમૂલને દઈ દીધો છે

હવે ગોપીઓને ન બંસી જગાવે,

હવે સેલ ફોનો તણાં સાદ આવે.

હવે ગોપીઓ રોજ કોલેજ જાતી,

નવા કા'ન શોધી નવા ગીત ગાતી.

હવે ચૂંટણીમા લડે કંસ જાજા,

લડે ચૂંટણીઓ મૂકી સર્વ માજા.

હવે પાંડવો કૌરવો એક ઝૂંટે,

લડે ચૂંટણી ને પછી રાજ લૂંટે.

કહો આજ મારૂં અહીં કામ શું છે?

કયાં ધર્મરાજા? એ અર્જુન ક્યાં છે?

(૪) હજારોની થાળી

(શિખરિણી)

અરે ખાવા આપો, અમ ઉદર ખાડા બહુ પડ્યા,

હજારો ભુખ્યાના શ્રવણ પડિયાં શબ્દ કર્ણ, ત્યાં

તિજોરીના નાણા ખડ ખડ કરીને હસી પડ્યા,

અને એ હાસ્યો સૌ ધનિક ઉદરે પ્રતિધ્વનિત થ્યા,

પુકારે ત્રુપ્તિના, મમ ઉદર વિષે પ્રશ્ન ઉઠતો,

હજારોની થાળી એક ઉદરમાં શું શમી ગઈ?

(૫) બ્લોગ રે બનાવ્યો અમે હરી તારા નામનો

(ઢાળઃ ધૂણી રે ધખાવી અમે હરી તારા નામની)

બ્લોગ રે બનાવ્યો અમે હરી તારા નામનો,
નકશો લગાવ્યો એમા ગોકુળ ગામનો..... બ્લોગ રે બનાવ્યો...

ભજનો લગાડ્યા એમા, કીર્તન લગાડ્યા,
ફોટો સજાવ્યો મેં તો રાધા ને શ્યામનો.....બ્લોગ રે બનાવ્યો..

બકાસુર માર્યો તેં તો, અગાસુર માર્યો,
તાડાસૂરનો પણ કીધો તેં સામનો........ બ્લોગ રે બનાવ્યો..

જમુનામા જઈને તેં કાલીનાગ નાથિયો
ગોવર્ધન ઉપાડી, દીધો પરચો બળવાનનો...બ્લોગ રે બનાવ્યો...

તારી કથાઓ કહીને બ્લોગ તો ચલાવ્યો
જાહેરાતો આવે ત્યારે આ બ્લોગ કામનો....બ્લોગ રે બનાવ્યો....

(૬) બ્લોગમા બ્લોગમા બ્લોગમા રે..

બ્લોગમાં બ્લોગમાં બ્લોગમાં રે,
તને જોઈએ તે છે બધું બ્લોગમાં;

જૂની કવિતા ને ગીત ગોતવાને માટે,
રદ્દીના ઢગલા ફંફોળ મા રે,
તને જોઈએ તે છે બધું બ્લોગમાં.

ગમતી ગઝલો ને ગીતો સાંભળવા,
ટંહુકાના “બુકમાર્ક”ને ભૂલ માં રે,
તને જોઈએ તે છે બધું બ્લોગમાં.

સાહિત્યની દુનિયામાં ડૂબકી લગાડવા,
યાહુ ને ગુગલને ભૂલ મા રે,
તને જોઈએ તે છે બધું બ્લોગમાં.

બ્લોગમાં બધું જ્યારે મફત મળે છે,
ચોપડી ખરીદવા પાકીટ ખોલમા રે,
તને જોઈએ તે છે બધું બ્લોગમાં.

“દાવડા” કહે તને સાવ વાત સાચી,
તું, કોપી કે પેસ્ટ ને વખોડમા રે,
તને જોઈએ તે છે બધું બ્લોગમાં.

(૭) બ્લોગ સર્ફરને...

(વસંતતીલકા-મામ પાહિયો ભગવતી ભવદુખ કાપો)

બ્લોગો મહીં સરકતા ફરતા સુજાણો,
પ્રેમીજનો, રસભરી કવિતા જો માણો,
થોડોક તો હૃદયમાં સમભાવ સ્થાપો,
ઓ વાંચકો મનભરી પ્રતિભાવ આપો.
ભૂલો હશે, અરથનો અવકાશ થાતો,
હોંસે લખું અંતરમાં ઉછળેલ વાતો,
આ મોજને પ્રસરવા પગથાર આપો,
ઓ વાંચકો મનભરી પ્રતિભાવ આપો.
કોને કહું ઉછળતા મનના વિચારો,
બ્લોગો વિના પ્રસરવા નથી કોઈ આરો,
આપો વખાણ, નહિં તો ફટકાર આપો,
ઓ વાંચકો મનભરી પ્રતિભાવ આપો.
ના સાહિત્ય સર્જનનો વ્યવસાય મારો,
માંડું અહિં, ઉભરતા મનના વિચારો,
આપો મને, કદિક તો શિરપાવ આપો,
ઓ વાંચકો મનભરી પ્રતિભાવ આપો.
થોડું કહ્યું, સમજદાર તમે, વિચારો,
જો હું લખું સતત, ના શબદો ઉચારો,
તો વાંચકો, ન લખવા ફરમાન આપો,
કાં વાંચકો મનભરી પ્રતિભાવ આપો.

(૮) કયા બ્લોગે રચના મોકલવી

(ઢાળઃ હરિ તારા હજાર નામ, કયા નામે લખવી કંકોતરી)

બ્લોગ તારા હઝાર નામ,

કયા બ્લોગે રચના મોકલવી?

પહેલા તે બ્લોગમાં કવિતાનો રાફડો,

બીજામાં ગઝલો તમામ,

કયા બ્લોગે રચના મોકલવી?

ત્રીજા તે બ્લોગમાં હસવું હસાવવું,

ચોથામાં ઈશ્વરના ધામ,

કયા બ્લોગે રચના મોકલવી?

પાંચમા તે બ્લોગમા પોતાની રચના,

અન્યોનું નથી કોઈ કામ,

કયા બ્લોગે રચના મોકલવી?

કોઈ કોઈ બ્લોગ વળી ટહુંકા કરે છે,

વળી કોઈ લે ઈશ્વરનું નામ,

કયા નામે રચના મોકલવી?

ક્યાંક વળી ઊર્મિના સાગર ઊછળતા,

કોઈ દેખાડે વિરમગામ,

કયા નામે રચના મોકલવી?

બ્લોગોના જાળામાં અટવાઈ ગયો હું,

કોરે મુકી દીધી રચના તમામ,

મારે નથી રચના મોકલવી.

(૯) બ્રેકઅપ

તમે કહો ને અમે ન કરીએ, એવું બને જ કેમ?
સદા તમોને રાજી કરવા, એ જ અમારી નેમ.
દિવસરાત અર્પણ છે તમને, છતાં કરો છો વહેમ?
તમે ભલે ના સમજી શકતા, અમે કર્યો છે પ્રેમ.

તમે કહો તો સૂરજ ઊગે, તમે કહો તો રાત પડે,
દિવસ-રાતના ભેદ તમારી પાસે અમને નહિં નડે;
છતાં તમારા શંકીલા મનમાં શાને ખોટી છાપ પડે?
આવું માનસ હોય તમારું, ગાડી પાટે કેમ ચડે?

બદલો માનસ હવે તમારું, નહિં તો અંતર કેમ મળે,
અહીં પ્રેમના મોજા ઉછળે, તમને ના કંઈ સમજ પડે,
આ છેલ્લો છે યત્ન અમારો, એમાં જો કંઈ પણ ન વળે,
સારૂં થાસે "બ્રેકઅપ" કહીને, બેઉ પોત-પોતાને માર્ગ પડે.

(૧૦) તારો મારો ક્યાં મેળ

તારો મારો ક્યાં મેળ પ્રિયે, તું ને હું બહુ અલગ છીયે!

તું ચંદનકાષ્ટની પ્રતિમા છે, હું તો બાવળનો કાંટો છું,
તું પૂનમની ચાંદની છે, હું તો ડામરનો છાંટો છું,
તારો મારો ક્યાં મેળ પ્રિયે,તું ને હું બહુ અલગ છીયે.

તું ધનવાનની બેટી છે, હું સંતાન ગરીબ તણું,
તું દૂધમલાઈ ખાનારી, હું દાળરોટી પામું તો ઘણું,
તારો મારો ક્યાં મેળ પ્રિયે, તું ને હું બહુ અલગ છીયે.

તું મહેલોમા રહેવાવળી, પણ હું ચાલીનો નિવાસી છું,
તું આસમાનમા ઉડનારી, હું રસ્તાનો પ્રવાસી છું,
તારો મારો ક્યાં મેળ પ્રિયે, તું ને હું બહુ અલગ છીયે.

તો શીદ સપનામા આવે છે, આવીને કેમ સતાવે છે?
એકલો મુજને મેલી દે, જેમ છિયે એમ જ ઠીક છીયે,
તારો મારો ક્યાં મેળ પ્રિયે, તું ને હું બહુ અલગ છીયે.

(૧૧) એક બીજાને ગમતા રહિયે

ચાલો આપણે એક બીજાને ગમતા રહિયે,
ગમવાની આ રમત આપણે રમતા રહિયે.

તારા મારા સ્વભાવ જુદા, પણ તેમાં શું?
લોકો ઉપર પ્રભાવ જુદા, પણ તેમાં શું?
લોકોના આ રામ-સીતાના ભરમમાં રહિયે,
ચાલો આપણે એક બીજાને ગમતા રહિયે.

તને ભાવે એ મને ન ભાવે, પણ તેમાં શું?
ચા કોફી પણ નોખા આવે, પણ તેમાં શું?
રોજ રાતના ભેગા બેસી જમતાં જઈએ,
ચાલો આપણે એક બીજાને ગમતા રહિયે..

ઘરની વાતું ઘરમા રહેતી, પણ તેમા શું?
દુનિયા છો ભરમમાં રહેતી, પણ તેમા શું?
અભિનય આપણે આપણો કરતા જઈયે,
ચાલો આપણે એક બીજાને ગમતા રહિયે..

(૧૨) આજે મારે લખવી કવિતા

(મંદાક્રાન્તા)

આજે મારે લખવી કવિતા, કોઈ શબ્દો સુઝેના,

કાવ્યો માટે વિષય મળવો હોય એમાં જરૂરી,

(સ્રગ્ધરા)

વાણી વિલાસનો આ સમય, વિષયની આજ કોને પડી છે?

આજે લોકો કવિતા, વિષય વગર, ભાષા રચાવી લખે છે.

(ભુજંગી)

વિચારો વહે આજ મારા છંદોમા

લખું આજ સારી કવિતા પદોમા.

(લલિત)

સમજસે નહીં આ પેઢી બાપડી!

અરર કેટલું સ્તર નીચે ગયું?

વગર છંદની લોક વાંચસે,

અગર ના ગમે, Delete દાબસે.

ફિકર કાં કરે, ના લોક વાંચસે,

તરત એ પછી Critic માપસે,

હરદિને નવા અરથ કાઢસે,

હરદિને નવા બ્લોગ છાપસે!

(૧૩) ન લખવાના બહાના

લખો લખો, લેખ લખો તમારે;
બ્લોગો ઘણાં છે, કોઈ તો સ્વીકારે.
પણ શું લખું? કંઈપણ સુઝે ના,
મને બીક લાગે કે લોકો હસે ના.
ભૂતકાળ મારો હતો સાવ સાદો,
ભૂતકાળ સામે સૌને છે વાંધો!
છે ભવિષ્ય મારું થોડું જ બાકી,
તાકી રહ્યો છું, પણ ગયો છું થાકી;
હવે, વર્તમાનમાં હું દોડી રહ્યો છું,
બસ એક સફળતા શોધી રહ્યો છું;
બસ તે પછી મારા લેખો વંચાસે,
સાદા શબદનો પણ ગુઢ અર્થ થાસે.
ભરાસે બધા બ્લોગ મારા જ લેખથી,
કોંમેન્ટ પણ થાતા હશે અતિ વેગથી.
ક્યારે આ સપના પૂરા થવાના?
કે આ બધા ન લખવાના બહાના?

(૧૪) કોણ?

મારા અંતરની જંતરી વગાડે છે કોણ?

મારા સૂતેલા સોણલા જગાડે છે કોણ?

મારા મનડામા ગીતો પ્રગટાવે છે કોણ?

મારા હ્રુદિયાને ધીમે ધબકાવે છે કોણ?

મારી કાયાને શક્તિ પહોંચાડે છે કોણ?

આ સૃષ્ટીમા માયા રચાવે છે કોણ?

મન મોરલાને થનગન નચાવે છે કોણ?

કણ કણમા બિરાજે, તો ય પૂછુંછું કોણ?

(૧૫) ડોટ કોમ

હું ડોટ કોમ,

તું ડોટ કોમ,

બધા ડોટ કોમ,

ડોટ કોમ નથી તો હું, હું નથી, તું, તું નથી

ગુગલમા નથી અને યાહુમા પણ નથી

અને ગુગલમા નથી તે આ જગતમા નથી

કૃષ્ણ ડોટ કોમ લખો તો સ્વયં પ્રભુ પધારે,

છે કોઈ શક્તિ ડોટ કોમથી વધારે?

જન્મીને પહેલા ન કુંડલી બનાવો

તુરત નામ રાખી ને ડોટ કોમ કરાવો.

(૧૬) મનાવો પછી રોજ હોળી મજેથી

(ભૂજંગી)

કરીને ભલે કાષ્ટ ભેળા બધેથી,
જલાવો તમે આજ હોળી મજેથી,
ઉડાડો ગુલાલો અને રંગ બીજા,
અને માનજો બાળી નાખી બુરાઈ.

ભલે છેતરાઓ તમારી જ જાતે,
નથી નાશ પામી બુરાઈ જરાએ,
હજીતો વધારે વધે છે બુરાઈ,
હજી આજ લોકો રહ્યા છે લુંટાઈ.

હજી ટેક્ષ ચોરો મજાથી ફરે છે,
અને ભ્રષ્ટ નેતા હજીયે હસે છે;
ગરીબો તણા ભાગના ખાઈ નાણા,
હજી પ્રહલાદના બાપ છૂટા ફરે છે.

કરો નાશ આ દાનવોનો પહેલા,
પછી છો ઉડાડો થઈ રંગ-ઘેલા;
રંગો મુખ કાળા ધુતારા જનોના,
મનાવો પછી રોજ હોળી મજેથી.

(૧૭) રે રે કલાપી

(મંદાક્રન્તા)

"રે રે શ્રધ્ધા ગત થઈ પછી કોઈ કાળે ન આવે"

શાને આવા અશુભ વચનો બોલતો તું કલાપી?

મારી શ્રધ્ધા પિયર ગઈ છે, આજ આવી જવાની,

તોયે શાને ભિતરમનમાં બીક લાગ્યા કરે છે?

તારું બોલ્યું વચન ફળશે, શું થશે હાલ મારા?

તું તો રાજા, તરત મળશે સાત રાણી તને તો,

મારા જેવા રખડી પડસે, બોલ તારા ફળે તો.

(૧૮) હુલ્લડનું કારણ

મારો પ્રભુ બળવાન છે, સમજી જા તું શાનમાં,

પુરાવો જો જોઈએ તો આવી જા મેદાનમાં,

જેનો પ્રભુ બળવાન છે એ જીવશે આ જગતમાં

નબળો હશે જેનો પ્રભૂ, એ જશે પરધામમાં.

(૧૯) સાહિત્યના પ્રયોગો

(ગંગ, કબીર, રહીમ, અખો અને લોક સાહિત્યની નકલ કરવાના પ્રયાસો)

(ગંગ)

જે બ્લોગમા દાવડા લખે, પછી બીજા બ્લોગ જૂઓ ન જૂઓ,
લેખ દાવડાના વાંચ્યા પછી તમે આખી રાત સુવો ન સુવો.

(કબીર)

દાવડા આ સંસારમાં સૌ ને મળજો ગલે,
ના જાણે કયા રૂપમા નારાયણ આવી મલે.
પણ વાત આ મારી, ગાંઠ બાંધજો ભલે
સુંદર નારીના રૂપમાં નારાયણ નહીં મલે.

(રહીમ)

દાવડા જીભને બાવરી કહી ગઈ સરગ પાતાળ
તે બોલીને અંદર ગઈ, પછી જોડા ખાય કપાળ.

(અખો)

બ્લોગર તારી છે આ મજા, કોણ ચોર ને કોને સજા?
લખે કોણ ને કોનું નામ, રોટલા ખા ટપટપનું શું કામ?
લખનારાને પ્રતિભાવ ચાર, કોપી-પેસ્ટને મળતા બાર.

સારા લેખને પ્રતિભાવ ચાર, સુંદર મુખડું પ્રતિભાવ બાર,
લેખ ચડે કે ફોટો ચડે? દાવડા બ્લોગનું કહેવું પડે,
વાંચનારાને બેઉ ગમે, પણ કારણ શું એ કહેજો તમે.

ખંજવાળી દે મારી પીઠ તો હું ખંજવાળું તારી પીઠ,
બ્લોગોમાં છે આ વ્યહવાર, દાવડા દીઠો મેં વારંવાર,
લેખ ગમે તે વાંધો નહિં, પ્રતિભાવ સારો આપવો સહી.

પગાર નથી એક પણ પાઈ, બની ગયો તોપણ સિપાઈ,
કોઈ જો કોપી-પેસ્ટ જ કરે, તે આગળ જઈ ફરિયાદ કરે,
દાવડા આવા મિત્રો હોય, તો શત્રુ રાખી કરે શું કોય?

(લોક સાહિત્ય)
બ્લોગર બ્લોગમાં પેશીને, સમય કરીશના વેસ્ટ,
સાથી તારા ત્રણ છે, માઉસ, કોપી ને પેસ્ટ.
ભલું થજો આ બ્લોગનું, છાપ્યો મારો લવારો,
બ્લોગ વિના આ લખવાને મારો નથી કોઇ આરો.

(૨૦) ચારણી છંદ

કોઈની લખેલી, ખૂબ ગમેલી, રચના મૂકી હરખાતી,
કોમેંટ પાતી, ખૂબ ફૂલાતી, બ્લોગણ મારી ગુજરાતી.

બ્લોગણનો ફોટો, રચનાથી મોટો, વખાણ એના અતિ ભારી,
જોઈને મોઢાં, તાણે તું ટીલા, વાંચક તારી બલિહારી.

લેખ લખીને બ્લોગે મૂકી, હરખ થયો મને અતિ ભારી,
ચૂપ રહીને, કહ્યું ન તેં કાંઈ, વાંચક તારી બલિહારી.

બ્લોગોમા ભટકે, કદી ન અટકે, નીકળી જાય જીંદગી સારી,
કોમેન્ટ લખે ના, કંઈપણ ગમે ના, વાંચક તારી બલિહારી

જૂની કવિતા, નવું કલેવર, શોધ થઈ છે અતિ સારી,
મળે વિના દોકડે, થોક થોકડે, બ્લોગ આ તારી બલિહારી.

ચર્ચાનો ચોરો, ખાતો ન પોરો, વાદ વદે જનતા સારી,
વિષય થોડા ને વાદી જાજા, બ્લોગ આ તારી બલિહારી.

(૨૧) આ સ્વર્ગ છે

હાથ પગ ઉછાળતો,
માનું મુખ ભાળતો,
કિકિયારી પાડતો,
બાળ જો જોવા મળે
તો આ સ્વર્ગ છે, આ સ્વર્ગ છે.

ચાંદની રાતમાં,
પ્રિયતમાની સાથમાં,
હાથ ઝાલી હાથમાં,
પ્રેમી જોડું મળે
તો આ સ્વર્ગ છે, આ સ્વર્ગ છે.

પુત્ર વહુની સાથમાં,
પૌત્ર પૌત્રી બાથમાં,
જો જીંદગી જીવવા મળે,
તો આ સ્વર્ગ છે આ સ્વર્ગ છે.

(૨૨) ઓ પવન

ઓ પવન, થા ધીમો જરા,
છે શાની ઉતાવળ કહીદે ભલા;
પાછું વળીને તું જોઈલે જરા,
તારી ગતિનો વિનાશ જો જરા
કંઈ ઝાડ ને તાડ ઝુકી ગયા છે,
કંઈક ઘરોના છપ્પર ગયા છે,
ઉખડી ગયા છે બત્તીના થાંભલા,
આવી ઉતાવળ છે શાની ભલા?

સાગર હવે જો તું મારું માને,
કહી દે તું આવું ઉછેળે છે શાને?
ડરાવે કોને તું આ ગર્જનાથી?
સિસકાર શાને ભરે વેદનાથી;
જો તો જરા કેટલી નાવ ડૂબી?
કઈ નાવિકોની જીવનદોર ટૂટી;
થા શાંત, ક્રોધથી ઈચ્છ્યું મળે ના,
હોય ભાગ્યમાં તે ટાળ્યું ટળે ના.

સૂરજ સવારે તું બહુ સૌમ્ય લાગે,
વળી વિદાય ટાણે રંગીન ભાસે;
બપોરના તને અતિ ક્રોધે આવે,
તું પણ તપે ને જગ ને તપાવે.
જો ચંદ્ર કેવો શિતળ શાંત રહેતો,
જાણે જગતને શાંતિ સંદેશ દેતો.

(૨૩) આજની ઈલા

ઈલા ગઈ તું તુજ મિત્ર પાસે,

છોડી ને વર્ગો, મુજ ને ન ભાસે.

ઓ ભાઈ મારા, કર કામ તારું,

સારૂં નઠારૂં ન વિચાર મારું.

મારી કરે છે નિગરાની શાને?

લે મિત્ર શોધી, ફરતો તું થાને.

કોલેજના આ દિવસો જવાના,

ક્યારે ય પાછા નથી આવવાના

તો ભાઈ આજે જલસા કરી લે

ને મિત્ર શોધી તું પણ ફરી લે.

(૨૪) ઓ.સી.આઇ.

(કાળી ધોળી રાતી ગાય, પીને પાણી ચરવા જાય)

મા ને કહીને ભણવા જાય

ભણી લઈને ત્યાં રોકાય

ડોલરમા જેની આવક થાય

તેને   N. R. I.   કહેવાય.

EMI   થી ગાડી લેવાય,

EMI થી ઘર પણ લેવાય,

હપ્તા ભરતાં જીંદગી જાય,

તેને   N.   R.   I. કહેવાય.

વરસે   India   visit થાય,

મળીને માબાપ રાજી થાય,

સગા-સંબંધી ચોકલેટ ખાય,

તેને   N. R. I.   કહેવાય

જાય H1, ગ્રીનકાર્ડ   થાય,

પાંચ વરસમા નાગરિક થાય,

આયખું આખું વિદેશમા જાય,

હવે એ O. C. I. કહેવાય.

(૨૫) કાવ્યાષ્ટક

(૧)

ઓ બીજ ત્રીજના ચાંદ, સૌને તું સુંદર લાગે,
કિન્તુ મુજને તું વિધવાના તુટ્યા કંગનસમ ભાસે.

(૨)

પાષાણને કંડારીને મનુષ્યે તમને ઈશ્વર કર્યા,
તમે વેર લેવા મનુષ્યને પાષાણહૃદયી કર્યા.

(૩)

બિલાડી આડી ઉતરી તો મનુષ્યને અપશુકન થયું,
મનુષ્ય આડો ઉતર્યો તો બિલાડીનું શું થયું?

(૪)

મા-બાપે મહેનત કરીને બાળકો મોટા કર્યા,
મા-બાપ માટે બાળકોએ વૃધ્ધાશ્રમ ઊભા કર્યા.

(૫)

લોકો બધા ટોળે વળી નિહાળતા ધ્યાનથી તને,
વાત તારી સાંભળવા ઉત્સાહી ને તલ્લીન બને,
ઓ પ્રભુ માણસ મટાડી, ટી.વી. બનાવી દે મને.

(૬)

પસ્તાવાના વિપુલ ઝરણે ડૂબકી મેં લગાવી

ન્યાયાધિસે કબુલ ગણીને કેદમાં નાખી દીધો;

ના કીધેલી વકીલે મુજને તોય એનું ન માન્યુ,

શાને સાચું સમજી લઈને માન્યું તારું કલાપી?

(૭)

ક્યાં છે મારા છકો મકો ને ક્યાં છે મારા જેક અને જીલ?

ગુમાઈ ગયા છો તમે વર્ષોથી, કોના નામે કરૂં હું વિલ?

(૮)

કદી ચૂંટ્યા નથી ફૂલો, કદી વેણી નથી ગુંથી,

અમે ચાંદો નથી જોયો કદી પતનીની સૂરતમા,

છતાં બ્લોગોની ચાહતમા અમે કવિતા કરી બેઠા.

(૨૬) સરદારઘાટ

ગાંધી પોઢ્યા રાજઘાટમાં,

શાંતિવન છે નેહરુનું ઘર;

ઈન્દીરાનું શક્તિસ્થલ છે,

વીરભૂમિ રાજીવનુ ઘર;

વિજયઘાટ શાસ્ત્રીનું ઘર છે,

છે ચરણસિંહનું કિશાનઘાટ;

સમતા સ્થલ છે જગજીવનનું,

ને જૈલસિંગનું એક્તા ઘાટ.

પણ સરદાર તારા સરનામુ છે

હરેક   દિલમાં વલ્લભઘાટ.

(૨૭) કાનાની લીલા

જુવો યમુનાને તટ, પનઘટની નીકટ,
ઊભો નાનો નટખટ, જુવે ગોપી માથે ઘટ,
લઈને કાંકરીઓ ઝટ, ફોડે ગોપીઓના મટ.
હતો નંદનો કિશોર, ક્યાંથી ચાલે કોઈનું જોર,
કરે ગોપી ન કોઈ શોર, હું વિચારું આણી કોર.
કાનો કરે લીલા કેવી? પણ છે સમજવા જેવી,
ગરીબ ગામનો કુંભાર, એના છોરા હતા ચાર,
કાનો એક મટકી ફોડે, કુંભાર ચાર પૈસા જોડે,
તારી લીલા આ આજાણી, આજે દાવડાએ જાણી.

(૨૮) ઈંટરનેટ

નિવૃતિની આ પ્રત્યેક સવાર,
ગુજારે છે સૌ બ્લોગોને દ્વાર;
બધા બ્લોગર છે મારા જેવા,
કામકાજ સાથે નહિં લેવા-દેવા.

રોજ કરે સવારનો ઈંતેજાર,
મિત્રોનો અહીં મળતો પ્યાર.
એક બીજાના કરી ખૂબ વખાણ,
ખોદે એ જાણે સોનાની ખાણ.

ફેંદે ફેસબુક ને ગોતે ગુગલ ગ્રુપ,
જાણે પીતા ગરમા ગરમ સુપ;
ઈંટરનેટની આ જૂવો કમાલ,
વગર પૈસે અહીં મળે સૌ માલ.

ગીતો લઈ કોઈ ટંહુકા કરે,
ગીત-ગઝલોની કોઈ ફેરી કરે.
કોઈ ગોદડિયો નિત ચોરા ભરે,
કોઈ પરબના   માટલાં ભરે.

આમાં નહિં પાઈની પેદાસ,
તો પણ કરતા મહેનત ખાસ;
વખાણ સાંભળી બહુ હરખાય,
જાણે   એ રસગુલ્લા ખાય.

એમા એક હાસ્ય દરબાર,
હાસ્યોની નિત ઉડે ફૂવાર,
દાવડા એમાં દાખલ થયો,
તે દી થી બસ હસતો રહ્યો

(૨૯) દોહા

દાવડા ઈજનેર શે થયો, થાતે બાપુ સશક્ત,
રૂપિયાનો વરસાદ થતે, ને સો ઈજનેરો ભક્ત.

પ્રેમમાં નિષ્ફળ થયો, દાવડા થઈ ગયો બાવો,
ભક્તાણીની ભીડ થઈ, થઈ ગયો પ્રેમપિયાવો.

દાવડા જૂતા સિવીએ, જૂતે બાટા થાય,
દાવડા લોઢું ટીપીએ, લોઢે ટાટા થાય.

બ્લોગે બ્લોગે એ ફરે, દાવડા નામ અજાણ,
ગોવિંદની કૃપા થતાં, થઈ દાવડાની પહેચાણ.

દાવડા ગુગલ સૌ કરે, કારણ કાંઈપણ હોય,
સેકંડમાં શોધી શકે, એ કચરામાંથી સોઈ.

દાવડા ચારો ખાઈને નેતા થાય સશક્ત,
ગાયો છો ભૂખે મરે, ક્યાં ગયા ગૌ ભક્ત?

પરદા પર ખેડૂત બને, પામે સંપત્તિ અપાર,
ખરો ખેડૂત ભૂખે મરે, દાવડા કરે વિચાર.

નવરા બેઠાં કંઇક જણ, બ્લોગ બનાવે અનેક,
દાવડા સાચો બ્લોગ એ, જેમાં હોય વિવેક.

દાવડા આ સંસારમાં સૌ ને મળજો ગલે,
ના જાણે કયા રૂપમા નારાયણ આવી મલે.
પણ વાત મારી આ એક, યાદ રાખજો ભલે,
સુંદર નારીના રૂપમાં નારાયણ નહિં મલે.

દાવડા જીભને બાવરી કહી ગઈ સરગ પાતાળ
તે બોલીને અંદર ગઈ, પછી જોડા ખાય કપાળ.

બ્લોગર બ્લોગમા પેશીને, સમય કરીશના વેસ્ટ,
સાથી તારા ત્રણ છે, માઉસ, કોપી ને પેસ્ટ.

મન મેલું, તન ઊજળું, ઉપરથી અભિમાન,
આવી નારીથી દુર રહે, નહિંતર થઈશ હેરાન.

દાવડા દાવડા સૌ કોઈ કહે, દાવડા એક ઈજનેર,
બ્લોગોમાં લખતો થયો, ત્યાં થયો કચરાનો ઢેર.

(30) વતન

વતનના ગીત ગાઈ ગાઈને અમે મોટા થયા,

મોટા થઈ, સ્વદેશના ગુણગાનના ગીતો લખ્યા,

લેખો લખ્યા, ભાષણ કર્યા, તાળી પડી, ચંદ્રક મળ્યા.

વર્ષો પછી, અભ્યાસ કરવા બાળકો અમેરિકા ગયા;

કાર, ડોલર, બંગલાના મોહમાં અટવાઈ પડ્યા,

હાલ જોવા બાળકોના, અમે પણ અમેરિકા ગયા,

મોહી પડ્યા ચકાચોંધથી, અમેરિકામાં સ્થાયી થયા.

વતન કેવું? વાત કેવી? અતીતને ભૂલી ગયા,

કહ્યું, શાણા થઈ, છોડો વતનની ખોખલી વાતું,

જ્યાં સુખ છે, સગવડ છે, વતન તો એજ છે સાચું.

(૩૧) ઈંટરનેટના છપ્પા

ઈંટરનેટમાં સગવડ બૌ, બ્લોગ બનાવવા ચાલ્યા સૌ,

બ્લોગોની થઈ ગઈ વણજાર, બ્લોગ થૈ ગ્યા એક હજાર;

દાવડા બ્લોગની એવી જાણ, ચાલ્યા તો હીરા નહિં તો પાણ.

બ્લોગ જગતની એવી વાત, લેખક પોતે તંત્રી આપ,

દસ જણાને લીંક મોકલે, ત્યારે બે ત્રણ કોમેન્ટ મળે,

દાવડા બ્લોગના કેવા હાલ, સારી હતી જેની ગઈકાલ.

ઈંટરનેટની જૂઓ કમાલ, સૌ કોઈ જાણે સૌના હાલ,

એક બીજાના કરી વખાણ, સૌ ભરતા પોતાનું ભાણ,

દાવડા સૌની સાથે રહે, કોઈ એનું ના વાંકું કહે.

ફેસબુક ને ગુગલ ગ્રુપ, જાણે મળતું સ્વાદિસ્ટ સુપ,

હાય હલોનો ત્યાં વ્યહવાર, વિના પૈસાનો કારોબાર,

દાવડા જેમ દારૂનું વસન, ફેસબુકનું એવું ટશન.

કોઈનું માથું કોઈનું ધડ, ફોટોશોપનું એવું ઘડતર,

કોઈની પણ બદનામી થાય, કોને જઈને કહેવા જાય?

દાવડા ઈંટરનેટથી દૂર રહેવામા ફાયદા ભરપૂર.

દાવડા ગુગલની જુઓ કમાલ, ચપટી વગાડો હાજર માલ,

સૌના જાંગીયા ગંજીના રંગ, ગુગલ જાણે તંતો તંત,

જીપીએસ પણ કમાલ જ કરે, ઘર કહી દો તો પહોંચાડે ઘરે.

બે ડોકટર બ્લોગોમાં ફરે, પ્રિસ્ક્રીપ્શન નહિં સાહિત્ય ભરે,
એક ચલાવે હાસ્ય દરબાર, બીજા ચલાવે ચંદ્ર પૂકાર,
ડોકટરો જો સાહિત્ય કરે, તો દાવડા શું પ્રિસ્ક્રીપ્શન ભરે?
બ્લોગર તારી છે આ મજા, કોણ ચોર ને કોને સજા?
લખે કોણ ને કોનું નામ, રોટલા ખા ટપટપનું શું કામ?
લખનારાને પ્રતિભાવ ચાર, કોપી કરનારને મળતા બાર.
સારા લેખને પ્રતિભાવ ચાર, સુંદર મુખડું પ્રતિભાવ બાર,
લેખ ચડે કે ફોટો ચડે? દાવડા બ્લોગનું કહેવું પડે,
વાંચનારાને બેઉ ગમે, પણ કારણ શું એ કહેજો તમે.
ખંજવાળી દે મારી પીઠ તો હું ખંજવાળું તારી પીઠ,
બ્લોગોમાં છે આ વ્યહવાર, દાવડા દીઠો મેં વારંવાર,
લેખ ગમે તે વાંધો નહિં, પ્રતિભાવ સારો આપવો સહી.
પગાર નથી એક પણ પાઈ, બની ગયો તોપણ સિપાઈ,
કોઈ જો કોપી-પેસ્ટ જ કરે, તે આગળ જઈ ફરિયાદ કરે,
દાવડા આવા મિત્રો હોય, તો શત્રુ રાખી કરે શું કોય?
કારકુન, ઉપરી અને પ્રધાન, સૌના મનમાં એક જ ધ્યાન,
કોઈ આવી વાત કામની કરે, તેની આગળ થેલી ધરે,
દાવડા એમા નાખો દાન, થાય તો જ તમારૂં કામ.

દાવડા ગુગલ કરે કમાલ, ત્રણે ભુવનના જાણે હાલ,
આકાશ પાતાળ એક જ કરે, જે જોઈએ તે હાજર કરે,
ગુગલ વગરનો આ સંસાર, ઘી ગોળ વગરનો કંસાર.

(૩ ૨) કોમપ્યુટરના છપ્પા

કોમપ્યુટરની જૂઓ કમાલ, બંધ પડે તો થઈ જાય હાલ,
દિમાગથી વિચારવું પડે, યાદ શક્તિની સીમા નડે;
દાવડા જો કોમપુ ના હોય, સંપર્ક રાખે ક્યાંથી કોઈ?

હાર્ડ ડીસ્ક કોમપુમાં ખાસ, થાય કરપ્ટ તો ત્રાસમ ત્રાસ,
સંઘરે ફોટા, સંઘરે લેખ, સંઘરે કવિતા, ગીત અનેક,
દાવડા એના નખરા જોઈ, ફ્લેશ-પેન રાખે સૌ કોઈ.

મેમરી બાઈ તો નાના ઘણા, તો પણ એના નખરા ઘણા,
જ્યારે પણ એ ઓવર્ફ્લો થાય, સ્ક્રીન આખું રંગીન થઈ જાય,
નખરાળી જો નાટક કરે, દાવડા તો શું કોમપ્યુટર કરે?.

કોમપુમાં પ્રોસેસર ખાસ, પ્રોસેસર જો આપે ત્રાસ,
કોમપુ જો થઈ જાય ગરમ, વાપરનારના ગાત્ર નરમ;
પ્રોસેસરની અનેક જાત, પ્રોસેસર બહુ ઊંચી નાત.

ઊંદર આંગળી ચીંધે જ્યાં, કોમપુ ઝટ પહોંચી જાય ત્યાં,
શોધી કાઢે ઢગલામાં સોઈ, છે આના જેવું બીજું કોઈ?
દાવડા કોમપુમાં માઉસ મહાન, જાણે ગણેશજીનું વહાન.

કી બોર્ડથી થાય કામ ઘણા, કામોની ના રાખે મણા,
ડીલીટ કરો તો કચરો સાફ, બોલ્યું ચાલ્યું થઈ જાય માફ;
દાવડા સારૂં 'સેવ' કરે, વિશ્વમા ઈજ્જત સાથે ફરે.

કોમપુના દરવાજા ખુલા, વાપરનારમાં ખપે સમતુલા,
વાપરનારનું ચંચળ મન, બિન વસ્ત્રોના આવે તન;
દાવડા કોમપ્યુટર વરદાન, જેવું માનસ એવું દાન.

દાવડાએ નિવૃતિ લીધી, કોમપ્યુટરને સોંપી દીધી,
કોમપ્યુટરથી મિત્રો મળ્યા, દાવડાના કંટાળા ટળ્યા,
દાવડા કોમપ્યુટર વરદાન, વાપરવામા રાખો ભાન.

(33) ભ્રષ્ટાચારના છપ્પા

જોજો રે ભારતના હાલ, દેશમાં નેતા માલા માલ,

દેશના નેતા ચારો ચરે, જાનવરો છો ભૂખે મરે,

સાચા નેતા ગયા મરી, બાકી રહ્યાં તે રહ્યાં ચરી.

રક્ષા કાજ ખરીદી થાય તેમા નેતા કટકી ખાય

સરહદ પર સૈનિકો મરે, દેશમા નેતા ખિસ્સા ભરે,

કફનમાં કટકી લેવાય, એ દેશની શી હાલત થાય?

સ્પેક્ટ્રમ વેંચે બારોબાર, રાજાનો એ કારોબાર,

દેશના ખવાયા કેટલા કરોડ, દાવડા એનું ગણિત છોડ,

દેશના કાયદા કેવી મજા, થાશે નહિં કોને પણ સજા.

રમે ખેલાડી કોમન્વેલ્થ, નેતા ગણે પોતાની વેલ્થ,

વહેતી ગંગામા ધોયા હાથ, સૌએ આપ્યો સૌને સાથ;

દાવડા આતે કેવી રમત? વિચારવાની તું છોડ મમત.

કૈરોન, મહેતાબે કરી શરૂઆત, ભ્રષ્ટ જનોની થઈગઈ નાત,
મુંદડા ને તેજાએ મળી, લાંચ રૂશ્વતની શરૂઆત કરી,
દાવડા મેનને કરી કમાલ, વગર જીપે દઈ દીધો માલ.

સાકરના ગોટાળા થયા, કૈકના મોઢાં કાળાં થયા,
રાશન શોપથી શેર બજાર, ગોટાળાની લાગી હાર,
દાવડા ટેક્ષનો રૂપિયો જાય, દસ પૈસાના કામો થાય.

(૩૪) સંબંધોના છપ્પા

“દાવડા”સમાજમાં ફેરફાર થયા, સંબંધ થૈ ગ્યા તદ્દ્ન નવા,

સ્ટેપ થઈ ગયા મા ને બાપ, અર્ધા ભાઈ બહેન આપો આપ,

રોજે રોજ સંબંધ બદલાય, મૂળ સંબંધમાં લાગી લાય.

કાકા મામા અંકલ થયા, મામી માસી આંટીમાં ગયા,

કઝીન થઈ ગયા સૌ પિતરાઈ, ભલે રહી હોય કોઈ સગાઈ,

દાવડા સંબંધોની ચોખવટ, લાગે સૌને ફાલતુ ઝંઝટ.

દાવડા સંબંધનું બદલ્યું માપ, સંબંધ થાતાં આપો આપ,

અર્ધા ભાઈ ને અર્ધી બહેન, હવે નથી એ મારો વહેમ,

બબ્બે મા ને બબ્બે બાપ, સ્ટેપ કહી દયો, થઈ ગઈ વાત.

સંબંધની વ્યાખ્યા બદલાઈ, નથી જરૂરી કોઈ સગાઈ,

સંબંધો સગવડિયા થયા, નફા તોટાના હિસાબે રહ્યા,

સંબંધોની ન રહી કોઈ જાત, નાત જાતને દીધી માત.

ક્યાં ગઈ સાત જનમની વાત? સંબંધ બદલે રાતો રાત,

દાવડા સરકારી કાયદો ફરે, પાંચ વર્ષનો કરાર જે કરે,

ઇન્કમ ટેક્ષમા છૂટ અપાય, જેથી થોડા સંબંધ સચવાય.

(૩૫) બ્લોગ ચલાવો

બ્લોગ ચલાવો....હઈસા

ધક્કા મારો.........હઈસા

જોરસે મારો.......હઈસા

ફીરસે મારો.......હઈસા

દેખો સરકા.......હઈસા

ઈમેઈલ ભેજો...હઈસા

વિનતી કરલો...હઈસા

ગીનતી કરલો...હઈસા

ફીર નહિં ચલતા..હઈસા

છોડો ઈસકો....હઈઈઈઈઈઈઈસા

(૩૬) ઝાંસીની રાણીની અસર

તમે કહો તે કારણ વાલમ, હું કહું તે બહાના?
વરસો સુધી હાકોટા માર્યા, બસ હવે રહોને છાના.
વારા ફરતી આવે વારો, તમારી પાછળ મારો,
વાત મજાની વરસો પહેલા, કહી ગયો કહેનારો.
વાત વાતમાં ભૂલો કાઢી, ફરી ફરી ધમકાવી,
મનમાં બોલી, "ભૂલ થઈ, શીદ આ ઘરમાં આવી?"
હવે તમારૂં કંઈ નહિં ચાલે, હું કહું તેમ કરશો,
નહિં માનો જો કહ્યું તમે, તો રોટલા વીણ રજડશો.
નહિં ચાલે અહીં જોર તમારૂં, વાત કહી મેં સાચી,
ગઈ કાલે રાતે, મેં વાતો લક્ષ્મીબાઈની વાંચી.

(૩૭) છેવટે અમેરિકા સ્થાયી થયા

છોકરો અમેરિકા ભણવા ગયો,
ભણી કરીને ત્યાં જ રહી ગયો.
સારી એવી એક નોકરી મળી,
જાણે વરસોની માનતા ફળી.

મોટું ઘર ને વળી મોંઘી કાર,
રહેણી કરણી થઈ ઝાકઝમાડ,
આપણી સંસ્કૃતિ ભૂલાઈ જઈ,
રીતભાત બધી અમેરિકન થઈ.

પછી છોકરાની જોવા પ્રગતિ,
અમે કરી અમેરિકા ભણી ગતિ.
ચકાચોંધ જોઈ પ્રભાવિત થયા,
ઠીક થયું અમે અમેરિકા ગયા.

થોડા દિવસે યાદ આવ્યું ઘર,
મનમા થયું કે હવે પાછો ફર.
બે-ત્રણ મહિને ઘર ભેગા થયા,
બસ આમ ફેરા ચાલતા રહ્યા.

જ્યારે જ્યારે જરૂરત પડી,
છોકરાઓએ ત્યારે હાકલ કરી,
ફરજ સમજીને હાજર થયા
ફરજ બજાવી પાછા ગયા.

આમ ફેરા કરતાં થાકી ગયા,
છેવટે અમેરિકા સ્થાયી થયા.

(૩ ૮) બસ તું રાજી

હું નાનો, તું મોટો, બસ તું રાજી ?

(તું તો મોટો દરિયો, હું મીઠા જળનો લોટો, બસ હું રાજી !)

તું સાચો, હું ખોટો, બસ તું રાજી ?

(મૂરખ સાથે વાદ વદીને, કોણ થયો છે મોટો? બસ હું રાજી!)

હું મૂરખ તું જ્ઞાની, બસ તું રાજી?

(છતાંય ક્યારે, તારી વાત ન માની, બસ હું રાજી !)

હું નબળો, તું બળિયો, બસ તું રાજી?

(હું છું નાનું હરણું, તું ઊંચો ઊંટડિયો, બસ હું રાજી)

જ્યાં તું રાજી ત્યાં હું રાજી, તો શાને આપણો ઝગડો ?

(તું જ્યાં જ્યાં લખે એકડો, મારે લખવો બગડો!)

(૩૯) માનખો સુધારી લે

ખોટું સાચું કરી કરી, નોટો ભેળી ભલે કરી,
ઉપર એ ચાલવાની નથી, માનખો બગાડે છે.

આ ધન તારા છોરા ખાસે, જુગારી ને દારૂડિયા થાસે,
સજ્જન માણસ કદી ન થાસે, વંશને બગાડે છે.

મારી વાત માની લઈ ને, સીધી વાટે આવી જઈ ને
મહેનતની કમાણી કરી, માનખો સુધારી લે.

(૪૦)પરણ્યા એટલે પ્યારા લાડી

(આજનું લગ્નગીત)

પરણ્યા એટલે કેવા લાગો જોશું આપણે ઘેર રે,

દહેજમા શું લાવ્યા લાડી, જોશું આપણે ઘેર રે.

ઊભા રો તો પુછું મારા બાપુજીની શીખ રે,

બાપાને વિસારો લાડી, સસરાને સંભારો રે.

ઊભા રો તો પુછું મારી માડી પાસે શીખ રે,

માએ તારી, શું શીખવ્યું લાડી,જોશું આપણે ઘેર રે.

ઊભા રો તો ઘડિક કરી લઉં વીરા સાથે હેત રે,

વીરાને વિસારો લાડી, કરો દિયર સાથે પ્રીત રે.

થોડું હમણા કીધું લાડી, બાકી આપણે ઘેર રે,

પબ્લીકમા તો પ્યારા લાડી, ચાલો આપણે ઘેર રે.